ભીનો અને સૂકો કચરો લોકો છૂટો કરતાં નથી ત્યાં હવે ચાર વર્ગીકરણના સપના

હવે શહેરોમાં સેનિટરી અને ખાસ કાળજીવાળો કચરો પણ અલગ આપવો પડશે

૨૦ હજાર ચોરસ મીટરથી મોટા સંકુલોએ સ્થળ પર જ ભીના કચરાનો નિકાલ કરવો પડશે

૪૦ હજાર લિટર પાણી વાપરતા એકમો અથવા રોજ ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા એકમો પણ આ દાયરામાં

ગાંધીનગર : ગુજરાતનાં શહેરોમાં સ્વચ્છતા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા હવે કચરાના નિકાલની પદ્ધતિમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. ઘરોમાંથી નીકળતા કચરાને માત્ર ભીનો અને સૂકો એમ બે ભાગમાં નહીં, પરંતુ ભીનો, સૂકો, સેનિટરી અને ખાસ કાળજીવાળો એમ ચાર અલગ પ્રકારમાં વર્ગીકૃત કરીને જ ડોર-ટુ-ડોર કલેક્શન વાહનોને આપવો પડશે. ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના અમલ સાથે રાજ્ય સરકારે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. એટલું જ નહીં, મોટા રહેણાક સંકુલો, હોટેલો, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને સંસ્થાઓએ નિર્ધારિત માપદંડ પૂર્ણ કરતા હોય તો પોતાના સ્થળે જ ભીના કચરાનું પ્રોસેસિંગ કરવું પડશે. બીજી તરફ, નાગરિકોની સ્વચ્છતા અંગેની ફરિયાદોનો ૨૪ કલાકમાં નિકાલ કરવા વોટ્સએપ હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવી છે.

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ મુજબ ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલી બનેલી જોગવાઈઓ હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આવેલા મોટા કચરો ઉત્પન્ન કરતા એકમો (Bulk Waste Generators) માટે વિશેષ જવાબદારી નક્કી કરવામાં આવી છે. જે સંકુલો કે એકમો નીચેના ત્રણમાંથી કોઈ એક માપદંડ પૂર્ણ કરતા હોય તેમને આ નિયમો લાગુ પડશે જેમાં ૨૦ હજાર ચોરસ મીટર કે તેથી વધુ બિલ્ટ-અપ અથવા ફ્લોર એરિયા.- દરરોજ ૪૦ હજાર લિટર કે તેથી વધુ પાણીનો વપરાશ કરતા અને દરરોજ ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ ઘન કચરાનું ઉત્પાદન કરતા એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે

આવા એકમોએ સ્થળ પર જ ભીના કચરાનું વિકેન્દ્રિત પ્રોસેસિંગ કરવાનું રહેશે, જ્યારે સૂકા કચરાનો નિકાલ નોંધાયેલી અથવા અધિકૃત એજન્સી મારફતે કરવાનો રહેશે.

વોટ્સએપ હેલ્પલાઇન પર ૯૯ ટકા ફરિયાદોનો સમયસર નિકાલ

શહેરોમાં નાગરિકોને સ્વચ્છતા સંબંધિત ફરિયાદો નોંધાવવામાં સરળતા રહે તે માટે વોટ્સએપ હેલ્પલાઇન નંબર 76228 80000 કાર્યરત કરવામાં આવ્યો છે. આ માધ્યમથી મળતી ફરિયાદોનો ૨૪ કલાકમાં નિકાલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં સ્વચ્છતા સંબંધિત કુલ ફરિયાદોમાંથી ૯૯ ટકા ફરિયાદોનો નિર્ધારિત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત સ્વચ્છતાના વિવિધ માપદંડોનું સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર (SSK) પોર્ટલ પર મેપિંગ કરવામાં આવ્યું છે, જેના આધારે તાલીમ, અમલીકરણ અને મોનિટરિંગની કામગીરી હાથ ધરાઈ રહી છે.

સારી કામગીરી કરનાર શહેરોને એવોર્ડથી પ્રોત્સાહન

'મારું શહેર, સ્વચ્છ શહેર એવોર્ડ' અંતર્ગત સ્વચ્છતા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. રાજ્ય સરકારનો હેતુ માત્ર કચરાનું કલેક્શન કરવા પૂરતો સીમિત નથી, પરંતુ કચરો જ્યાં ઉત્પન્ન થાય ત્યાં જ તેનું વર્ગીકરણ, વૈજ્ઞાનિક નિકાલ અને નાગરિકોની સક્રિય ભાગીદારી દ્વારા શહેરોને સ્વચ્છ અને સુંદર બનાવવાનો છે. રાજ્ય સરકારના 'આપણો કચરો, આપણી જવાબદારી'ના અભિગમ હેઠળ હવે શહેરી સ્વચ્છતામાં નાગરિકોની ભાગીદારી અને જવાબદારી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ બનશે.

શાળા-કોલેજથી સોસાયટીઓ સુધી સ્વચ્છતા અભિયાન

સ્વચ્છતાને જનઆંદોલનનું સ્વરૂપ આપવા શાળા-કોલેજના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, ફ્લેટ-સોસાયટીઓના રહેવાસીઓ, સફાઈ કામદારો, ડોર-ટુ-ડોર કલેક્શન વાહનોના ડ્રાઇવર, એટેન્ડન્ટ, સુપરવાઇઝર અને સેનેટરી ઇન્સ્પેક્ટરોને જોડવામાં આવી રહ્યા છે. વિવિધ વર્ગોના લોકો પાસે સ્વચ્છતાના સંકલ્પપત્રો ભરાવવામાં આવ્યા છે. વધુ અવરજવર ધરાવતા વિસ્તારોની ઓળખ કરીને સ્વચ્છતા માર્શલ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને વ્યવહારિક જીવનમાં સ્વચ્છતાની ટેવો વિકસાવવા પ્રેક્ટિકલ બુક પણ આપવામાં આવી છે.

કલેક્ટરના અધ્યક્ષસ્થાને સ્પેશિયલ સેલની રચના

નિયમોના અસરકારક અમલીકરણ અને મોનિટરિંગ માટે તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને સ્પેશિયલ સેલની રચના કરવામાં આવી છે. રાજ્યકક્ષાએ વર્કશોપ યોજીને ચૂંટાયેલા પ્રતિનિધિઓ, મહાનગરપાલિકા-નગરપાલિકાના અધિકારીઓ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા કર્મચારીઓને તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ અભિયાનમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને 'લીડ ફેસિલિટેટર' તરીકે વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

મોદીની મુલાકાત બાદ સંગઠનમાં ફેરફારના સંકેત

તમામ ૧૮૨ બેઠકો પર એક જ દિવસે સ્નેહમિલન યોજવાનો નિર્ણય

ધારાસભ્યોને મતવિસ્તારમાં હાજર રહેવા સૂચના

પ્રદેશથી લઈને બૂથ સ્તર સુધી સંગઠન સક્રિય કરવાની કવાયત

ગાંધીનગર : ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની મુલાકાત અને મુખ્યમંત્રી નિવાસસ્થાને મંત્રીમંડળ સાથેની મોડી રાત સુધી ચાલેલી બેઠક બાદ હવે ગુજરાત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે યોજાયેલા સ્નેહમિલન સમારોહે રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. એક તરફ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે અત્યારથી જ સંગઠનને ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિય કરવાનું શરૂ કર્યું છે, તો બીજી તરફ પ્રદેશ સંગઠનમાં સંભવિત ફેરફારો, નેતાઓની જવાબદારીમાં બદલાવ અને સરકાર-સંગઠન વચ્ચેના સંકલનને લઈને પણ અટકળો તેજ બની છે.

મોદીની મુલાકાતના ગણતરીના દિવસોમાં જ પ્રદેશ સ્તરે યોજાયેલી આ બેઠકને માત્ર નવા વર્ષની શુભેચ્છા મુલાકાત તરીકે નહીં, પરંતુ આગામી રાજકીય પડકારો માટેની સંગઠનાત્મક કવાયત તરીકે જોવામાં આવી રહી છે.

સોમવારે બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ગાંધીનગર સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ સ્તરીય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ પ્રભારી તરુણ ચુઘ સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, પ્રદેશ સંગઠનના હોદ્દેદારો અને વિવિધ મોરચાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લેની સાથે આગામી વિધાનસભા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂકાયો હતો.

ખાસ કરીને સરકારની યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા, કાર્યકરો સાથે સીધો સંપર્ક વધારવા અને મતવિસ્તાર સ્તરે સંગઠનની કામગીરીને વેગ આપવા અંગે ચર્ચા થઈ હતી.

૨૨ નવેમ્બરે તમામ ૧૮૨ બેઠકો પર એકસાથે સ્નેહમિલન

કમલમ ખાતેના પ્રદેશ સ્તરીય કાર્યક્રમ બાદ હવે ભાજપે ૨૨ નવેમ્બરે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એક જ દિવસે સ્નેહમિલન યોજવાનું નક્કી કર્યું છે. આ માટે તમામ ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. કાર્યકરો અને સ્થાનિક આગેવાનો સાથે સીધો સંવાદ સાધવાની સાથે સામાન્ય જનતા સુધી પહોંચવા અને સરકારની વિવિધ યોજનાઓની માહિતી પહોંચાડવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. આ આયોજનને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પૂર્વે સંગઠનના પાયાને મજબૂત કરવાની કવાયત તરીકે જોવામાં આવે છે. રાજ્યની તમામ બેઠકો પર એકસાથે કાર્યક્રમ યોજીને પક્ષના કાર્યકરોને સક્રિય કરવા અને સ્થાનિક સ્તરે સંગઠનની સ્થિતિનો તાગ મેળવવાનો પણ પ્રયાસ થશે.

યુવા મોરચાની બેઠકમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર નિશાન

કમલમ ખાતે સ્નેહમિલન ઉપરાંત ભાજપ યુવા મોરચાની પ્રદેશ બેઠક પણ યોજાઈ હતી. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ પ્રભારી તરુણ ચુઘના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં આગામી યુવા મોરચાનાં અભિયાનો, યુવાનોને સંગઠન સાથે જોડવા અને રાજકીય મુદ્દાઓ પર જનસંપર્ક વધારવા અંગે ચર્ચા થઈ હતી. બેઠક દરમિયાન કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પણ નિશાન સાધવામાં આવ્યું હતું. ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ દ્વારા ખાસ સઘન મતદાર યાદી સુધારણા (SIR) સહિતના મુદ્દાઓ પર યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મુદ્દે યુવા મોરચાના કાર્યકરોને લોકો અને યુવાનો વચ્ચે જઈને પક્ષનો પક્ષ રજૂ કરવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સંગઠનમાં ફેરફારની અટકળો વચ્ચે તરુણ ચુઘની સક્રિયતા ચર્ચામાં

ગુજરાત ભાજપના પ્રભારી તરીકે તરુણ ચુઘની નિમણૂક બાદ તેઓ રાજ્યમાં સંગઠનાત્મક બેઠકો અને પ્રવાસો દ્વારા પક્ષની કામગીરીની સમીક્ષા કરી રહ્યા છે. પ્રદેશથી લઈને જિલ્લા અને મોરચા સ્તર સુધીની કામગીરી, કાર્યકરોની સક્રિયતા અને સંગઠનના માળખા અંગેની સમીક્ષા વચ્ચે આગામી સમયમાં પ્રદેશ સંગઠનમાં ફેરફાર કે નવી નિમણૂકો થશે કે કેમ તે અંગે પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. જોકે, આજની બેઠકમાં સંગઠનાત્મક ફેરફારો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેમ છતાં વડાપ્રધાનની તાજેતરની મુલાકાત, મંત્રીમંડળ સાથેની બેઠક અને ત્યારબાદ પ્રદેશ સ્તરે યોજાયેલી સંગઠનાત્મક બેઠકોના ઘટનાક્રમને કારણે ભાજપની આગામી રાજકીય વ્યૂહરચના અંગે ઉત્સુકતા વધી છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ - ૨૦૨૭

ધોલેરામાં સેમિકન્ડક્ટરની સાથે હવે હોસ્પિટલ, હોટેલ અને સ્કૂલનું નવું માળખું

૨૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલથી માંડીને ટેન્ટ સિટી સુધીની સુવિધાઓ તૈયાર થઈ રહી છે

ગાંધીનગર : ગુજરાતના ઔદ્યોગિક નકશા પર ધોલેરા હવે માત્ર સેમિકન્ડક્ટર ઉત્પાદનના કેન્દ્ર તરીકે નહીં, પરંતુ એક સંપૂર્ણ આધુનિક શહેર તરીકે પોતાની ઓળખ ઊભી કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ટાટાના સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટના કારણે વૈશ્વિક રોકાણકારોનું ધ્યાન ખેંચનાર ધોલેરામાં હવે ઉદ્યોગોની સાથે હોસ્પિટલ, હોટેલ, શાળા, રહેણાક, વ્યાપારી સંકુલ અને પ્રવાસન સુવિધાઓનું નવું માળખું તૈયાર થઈ રહ્યું છે. એટલે કે, ધોલેરામાં માત્ર કારખાનાં નહીં, પરંતુ ઉદ્યોગોની આસપાસ વસવાટ, આરોગ્ય, શિક્ષણ અને જીવનજરૂરિયાતોની સંપૂર્ણ વ્યવસ્થા ઊભી કરવાની કવાયત શરૂ થઈ છે. આગામી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ધોલેરાને આ સમગ્ર વિકાસના મુખ્ય રોકાણ કેન્દ્ર તરીકે રજૂ કરવાની તૈયારી છે.

ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન (DSIR)માં ઔદ્યોગિક વિકાસની સાથે સામાજિક અને શહેરી માળખાકીય સુવિધાઓના પ્રોજેક્ટ્સને પણ વેગ આપવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ધોલેરામાં ચાલી રહેલા મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક અને શહેરી વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી રહ્યા છે. તાજેતરની સમીક્ષા દરમિયાન ધોલેરાના એક્ટિવેશન એરિયામાં ૨૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, ઇન્ટિગ્રેટેડ સ્કૂલ, ફાયર સ્ટેશન, હોટેલ, ગેસ્ટ હાઉસ, ફૂડ કોર્ટ, ટેન્ટ સિટી તેમજ રહેણાક અને વ્યાપારી વિકાસના પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

હોટેલ, ગેસ્ટ હાઉસ અને ૬૦૦ લોકોની ક્ષમતાની ફૂડ કોર્ટ

ધોલેરામાં રોકાણકારો અને ઔદ્યોગિક આગેવાનોની અવરજવર વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં પણ સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. અહીં ૪૨ રૂમનું ગેસ્ટ હાઉસ તૈયાર થઈ રહ્યું છે, જેમાં સ્યુટ અને કોન્ફરન્સની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. નવી ફૂડ કોર્ટમાં એકસાથે આશરે ૬૦૦ લોકો ભોજન લઈ શકશે. આ ઉપરાંત ૫૦ ટેન્ટની ક્ષમતા ધરાવતું ટેન્ટ સિટી પણ વિકસાવવામાં આવી રહ્યું છે. ધોલેરામાં મોટા પાયે ઔદ્યોગિક રોકાણો સાકાર થતાં આગામી સમયમાં હોટેલ, હોસ્પિટાલિટી અને આરોગ્ય સેવાઓની માંગ વધવાની શક્યતા છે. આથી દેશની અગ્રણી હોસ્પિટલ ચેઇન અને હોટેલ ડેવલપર્સ માટે પણ ધોલેરામાં રોકાણની નવી તકો ઊભી થઈ રહી છે.

MBBSની 1, BDSની 2 બેઠક ખાલી રહી, ડિપોઝીટના 3.10 લાખ જપ્ત

વિશેષ ખાલી બેઠક રાઉન્ડ બાદ પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનારા ઉમેદવારો સામે પ્રવેશ સમિતિની કાર્યવાહી

અમદાવાદ : શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સ્નાતક કક્ષાના એમબીબીએસ અને ડેન્ટલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે યોજાયેલા Special Stray Vacancy Round બાદ એમબીબીએસની 1 અને ડેન્ટલની 2 મળીને કુલ 3 બેઠકો ખાલી રહી છે. આ રાઉન્ડમાં ફાળવાયેલી બેઠકો પર પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનારા ઉમેદવારોની કુલ રૂ. 3.10 લાખની સિક્યોરિટી ડિપોઝિટ પ્રવેશ સમિતિ દ્વારા જપ્ત કરવામાં આવી છે.

પ્રવેશ સમિતિના સુત્રોના જણાવ્યા પ્રમાણે નવી દિલ્હી સ્થિત મેડિકલ કાઉન્સેલિંગ કમિટી અને ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસિસની સૂચના મુજબ રાજ્યમાં એમબીબીએસની બાકી રહેલી 56 અને ડેન્ટલની 32 બેઠકો ઉપરાંત ગુજરાત હાઈકોર્ટના આદેશના અનુસંધાને પુનઃઉપલબ્ધ થયેલી એમબીબીએસની 1 અને ડેન્ટલની 2 બેઠકો મળી કુલ 91 બેઠકો માટે ઓનલાઈન Special Stray Vacancy Round યોજવામાં આવ્યો હતો. આ રાઉન્ડ હેઠળ 6 નવેમ્બર, 2026ના રોજ ઉમેદવારોને બેઠકોની ફાળવણી કરવામાં આવી હતી. ફાળવાયેલી બેઠક પર પ્રવેશ કન્ફર્મ કરવા માટે ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં ટ્યુશન ફી ભરી પ્રવેશ સમિતિના નિયત હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરવાનું હતું.

પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એમબીબીએસની 1 અને ડેન્ટલની 2 બેઠક ખાલી રહી હોવાનું સામે આવ્યું છે.

અનુસ્નાતક ડેન્ટલ (MDS)ના ત્રીજા રાઉન્ડ બાદ 10 બેઠકો ખાલી

શૈક્ષણિક વર્ષ 2026-27 માટે અનુસ્નાતક ડેન્ટલ અભ્યાસક્રમ (MDS)ના ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કુલ 10 બેઠકો ખાલી રહી છે. ફાળવાયેલી બેઠક પર પ્રવેશ માટે રિપોર્ટિંગ નહીં કરાવનારા ઉમેદવારોની રિફંડપાત્ર સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવી છે.ડેન્ટલના ત્રીજા રાઉન્ડમાં બેઠકો ફાળવાયા બાદ કેટલાક ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં રિપોર્ટિંગ કરાવ્યું નહોતું. આથી રિપોર્ટિંગ નહીં કરાવવાના કારણે ખાલી રહેલી કુલ 10 બેઠકોને નોટ-રિપોર્ટેડ બેઠક તરીકે ગણવામાં આવી છે. આ ખાલી રહેલી બેઠકો પર હવે ચોથા સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

અપચો, ગેસ

અજમો, જીરૂ દરેક 20 ગ્રામ અને સંચળ 10 ગ્રામ લઈ દળી ચૂર્ણ બનાવી લો. રોજ જમ્યા બાદ એક ચમચી ચૂર્ણ પાણી સાથે લો.

અમદાવાદથી દરભંગા વચ્ચે 20 અને 27 નવેમ્બરે સ્પેશિયલ ટ્રેન દોડશો

અમદાવાદ : શિયાળાની ઋતુ અને તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને દરભંગા વચ્ચે વિશેષ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર 09465 અમદાવાદ-દરભંગા સ્પેશિયલ 20 અને 27 નવેમ્બરના રોજ અમદાવાદથી રાત્રે 8:25 વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે 10:30 વાગ્યે દરભંગા પહોંચશે. જ્યારે પરત આવતી ટ્રેન નંબર 09466 દરભંગા-અમદાવાદ સ્પેશિયલ 23 અને 30 નવેમ્બરના રોજ સવારે 3 વાગ્યે દરભંગાથી ઉપડી બીજા દિવસે સાંજે 4:35 વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં છાયાપુરી, રતલામ, નાગદા, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ઇદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, વારાણસી, ઔંડીહાર, ગાઝીપુર સિટી, છપરા, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશનો પર રોકાશે.

ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને સેકન્ડ સિટિંગના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નંબર 09465 માટેનું રિઝર્વેશન 17 નવેમ્બર, 2026ના રોજ સવારે 8 વાગ્યાથી તમામ પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો પર શરૂ થશે.

અમદાવાદ, સુરત અને વડોદરાના સ્વચ્છતા સર્વેક્ષણના આંકડાથી કંઇ નહીં થાય

સ્વચ્છતા એવોર્ડના પ્રચારને બદલે જમીની હકીકત રજૂ કરો

નાગરિકોના પ્રતિસાદ અને જાહેર શૌચાલય પાછળના ખર્ચની વિગતો જાહેર કરવા કોંગ્રેસની માગ

અમદાવાદ : સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં અમદાવાદ, સુરત અને વડોદરાને મળેલી સિદ્ધિઓની સરકાર દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. ત્રણેય શહેરોની જમીની હકીકતનો હિસાબ જાહેર કરી એવોર્ડ અને રેન્કિંગના પ્રચાર વચ્ચે અનેક વિસ્તારોમાં ગંદકી, દુર્ગંધ, પ્રદૂષણ અને અસ્વચ્છ જાહેર શૌચાલયોની સમસ્યાઓ યથાવત્ છે. સ્વચ્છતા સર્વેક્ષણના સંપૂર્ણ સ્કોરકાર્ડ, નાગરિકોના પ્રતિસાદ, કચરાના નિકાલ અને જાહેર સુવિધાઓ પાછળ થયેલા ખર્ચની વિગતો જાહેર કરવા કોંગ્રેસએ માગ કરી છે.

કોંગ્રેસે સર્વેક્ષણની વિશ્વસનીયતા અંગે સવાલ ઉઠાવી અમદાવાદ, સુરત અને વડોદરામાંથી કેટલા નાગરિકોએ પ્રતિસાદ આપ્યો, કેટલા પ્રતિસાદ ઓનલાઈન, QR કોડ અને એપ્લિકેશન મારફતે મળ્યા તથા ડુપ્લિકેટ પ્રતિસાદ અટકાવવા શું વ્યવસ્થા કરવામાં આવી તેની વિગતો જાહેર કરવાની માગ કરી હતી. સાથે જ ત્રણેય શહેરોના અલગ-અલગ સ્વચ્છતા સ્કોર અને મેદાની ચકાસણીનો અહેવાલ પણ જાહેર કરવા જણાવ્યું હતું.

અમદાવાદ અને સાણંદને 'સ્વચ્છ શહેર જોડી', સુરતને 'સુપર સ્વચ્છ લીગ'માં ટોચનાં ત્રણ શહેરોમાં સ્થાન અને વડોદરાને 'સ્ટેટ ફર્સ્ટ સ્વચ્છ સિટી' કેટેગરીમાં સ્થાન મળ્યું છે. આ અલગ-અલગ કેટેગરીનાં પરિણામોને એક જ પ્રકારની રાષ્ટ્રીય રેન્કિંગ તરીકે રજૂ કરવાં યોગ્ય નથી.

આ ઉપરાંત ભીનો અને સૂકો કચરો અલગ એકત્ર કરવાના દાવા સામે કેટલીક જગ્યાએ કચરાની ગાડીઓમાં બંને પ્રકારનો કચરો ભેળવાતો હોવાની ફરિયાદોનો ઉલ્લેખ કર્યો હતો. જાહેર શૌચાલયોની સફાઈ, પાણી અને જાળવણીની સ્થિતિ અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. એક શૌચાલયના સર્વે, ડિઝાઇન, મિનિએચર મોડેલ અને ટ્રોઇંગ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ દર્શાવાયો હોવાની વિગતો અંગે ટેન્ડર પ્રક્રિયા અને કોન્ટ્રાક્ટની માહિતી જાહેર કરવાની માગ કરી હતી.

કોંગ્રેસે સરકાર અને ત્રણેય મનપાઓ પાસે સ્વચ્છતા સર્વેક્ષણના સંપૂર્ણ સ્કોરકાર્ડ, વોર્ડવાર સ્વચ્છતા સ્કોર, નાગરિકોના પ્રતિસાદ, કચરાના વૈજ્ઞાનિક નિકાલ, જાહેર શૌચાલયોની સ્થિતિ, કોન્ટ્રાક્ટ અને ચૂકવણીની વિગતો સહિત નવ મુદ્દે ખુલાસો કરવાની માગ કરી છે.

ટેટ-એચએસના પરિણામ સામે ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન

પેપર ચકાસણીમાં ગેરરીતિના આક્ષેપ

રિ-ચેકિંગ અથવા ઓનલાઈન ઉત્તરવહીઓ જાહેર કરવાની માગ

ગાંધીનગર : રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક બનવાનું સ્વપ્ન જોતા ઉમેદવારો માટે ટેટ-એચએસ (TAT HS) પરીક્ષાનું પરિણામ જાહેર થતાં જ વિવાદ સર્જાયો છે. આ પરિણામથી અસંતુષ્ટ રાજ્યભરના ઉમેદવારોએ ગાંધીનગરમાં આવેલી રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી બહાર એકઠા થઈ ઉગ્ર વિરોધ-પ્રદર્શન કરી, પેપર ચકાસણીમાં ગંભીર અનિયમિતતા અને વિસંગતતા થઈ હોવાનો આક્ષેપ કરીને રિ-ચેકિંગ અથવા ઓનલાઈન ઉત્તરવહીઓ જાહેર કરવાની માગ કરી છે.

વિરોધ કરી રહેલા ઉમેદવારોના જણાવ્યા મુજબ, ઉત્તરવહીઓમાં સાચા જવાબો અને પૂરતું લખાણ હોવા છતાં અપેક્ષા કરતાં ઘણા ઓછા ગુણ આપવામાં આવ્યા છે. આના કારણે અનેક મહેનતુ અને તેજસ્વી ઉમેદવારો પાસ થવાથી વંચિત રહી જાય તેમ છે. ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડની મૂલ્યાંકન પ્રક્રિયા સામે સવાલો ઉઠાવી ચકાસણીમાં થયેલી ક્ષતિઓની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માગ કરી છે.

ઉમેદવારોએ જણાવ્યું હતું કે, ઉત્તરવહીઓનું ફરીથી મૂલ્યાંકન કરવામાં આવે અથવા પારદર્શિતા જળવાય તે માટે ઓનલાઈન ઉત્તરવહીઓ જાહેર કરવામાં આવે. તેમના મતે, પરીક્ષાની ચકાસણીમાં કોઈ ક્ષતિ રહી હોય તો તેની યોગ્ય તપાસ થવી જરૂરી છે, જેથી યુવાનોના ભવિષ્ય સાથે અન્યાય ન થાય. સાથે જ, બોર્ડ દ્વારા સંતોષકારક ખુલાસો કે યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી છે. હવે રાજ્ય પરીક્ષા બોર્ડ આ મામલે શું નિર્ણય લે છે તેના પર ઉમેદવારોની નજર છે.


આજ 'ક્રૂતિ' ૬૬૭૮ સુડોકુ

૧			૯	૬	૩	૪		૭
૮	૪	૩	૫			૨		૯
૭	૯	૬		૨	૮		૩	
૯		૪			૧	૫		૩
			૩		૨		૭	
૩		૨	૮	૫		૯	૧	૬
૪	૩			૮	૬	૭	૫	
	૧	૭	૨	૩		૬	૪	
	૬	૮		૪	૫		૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭૭૬૩-૭૬૬૭ ક્રિડ્રિ

શબ્દગુંફન - ૭૨૯૫ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. દીરજવાળો અને ઉદાર સ્વભાવવાળો નાયક (૪)
૬. વહીવટદાર (૫)
૯. એકી સાથે સો વાતો ઉપર ધ્યાન આપી શકનાર (૪)
૧૩. ઠંડું (૩)
૧૫. પળ, ક્ષણ (૩)
૧૭. વિરામ લીધા વિના (૪)
૧૯. એક નજાકાત વાસણ (૩)
૨૧. દાણાદાર લોટ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૪. મહેમાનગતી કરનાર (૪)
૨૬. નરદમ, નીરોગી (૨)
૨૭. બોલ - - - બોલે એક ફિલ્મ (૨)
૨૯. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૩૦. રોજની આવક (૨)
૩૧. ચોખાની એક જાત (૪)
૩૩. ક્રોધ, નાશકારક આફત (૨)
૩૪. મધમાખીએ એકઠો કરેલો રસ (૨)

ઉભી ચાવી

૧. દીરાયણું (૩)
૨. રાક્ષસ, અસુર (૩)
૩. શાંતિ, ક્ષમા (૨)
૪. ફ્તેહ, વિજય (૨)
૫. માથું, મસ્તક, શિ